પ્રાપ્તિ તારીખ	૦૫/૦૫/૨૦૨૫		
નોંધ્યા તારીખ	૦૫/૦૫/૨૦૨૫		
ફેંસલ તારીખ	૦૮/૦૬/૨૦૨૬		
અવધિ	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૧	૦૧	૦૩

<u>નડીઆદના મે. પાંચમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ</u>
<u>એમ.એમ.ગાંધી સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નડીઆદ.</u>

ફોજદારી કેસ નં.૨૪૮૨/૨૦૨૫

આંક– ૩૧

ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. નડિયાદ
મુખ્ય બ્રાન્ચના આસી. ઈન્સ્પેક્ટર
સમીરૂલ્લા અબ્દુલસત્તાર મલેક,
રહે.કે.ડી.સી.સી.બેન્ક, ઘોડિયા બજાર,
તા.નડિયાદ, જિ.ખેડા. **::::: ફરિયાદી**

વિરૂધ્ધ

રમેશભાઇ ધુળાભાઇ પટેલ,
રહે.અંબાલીપુરા, બસ સ્ટેન્ડ પાસે,
મુ.આંકલાવ, તા.આંકલાવ, જી.આણંદ. **::::: આરોપી**

<u>ગુનો :– નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ</u>

ફરિયાદી તરફે	વિ.વ.શ્રી કે.સી.પટેલ
આરોપી તરફે	વિ.વ.શ્રી ડી.એમ.શાહ

<u>// ચુકાદો //</u>

૧.. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ગુજરાત

સહકારી મંડળીઓના કાયદા નીચે નોંધાયેલ ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.ના આસી. ઇન્સ્પેક્ટર તરીકે નોકરી કરે છે અને તેઓની બેન્ક તેના સભાસદો કે બીન સભાસદો પાસેથી બચત રૂપી ડિપોઝીટ મેળવીને લોન રૂપી ધિરાણ કરી જે સભાસદોને આર્થિક જરૂરિયાત પુરી પાડવાનો બેન્કીંગનો ધંધો કરે છે અને મહિસાગર, આણંદ અને ખેડા જિલ્લાના દરેક તાલુકામાં શાખાઓ ધરાવે છે તેની મુખ્ય શાખા નડિયાદ ખાતે આવેલ છે. આ કામના આરોપી તેઓની બેન્કના ખાતેદાર/સભાસદ હોઈ બેન્કમાંથી બે પૈડાવાળા વાહન માટે લોનની માંગણી કરતા ફરિયાદી બેન્કે તા.૦૧/૧૨/૨૦૧૪ ના રોજ ૧૪ ટકાના વ્યાજે રૂ.૪૦,૦૦૦/- મંજૂર કરેલ અને ત્રણ વર્ષમાં માસીક રૂ.૧૩૬૭/- ના હપ્તાથી ભરપાઇ કરી દેવાની શરતે મંજૂર કરેલ. આરોપીએ માર્જીન મનીની રકમ રૂ.૧૩,૩૪૦/- બેન્કમાં ભરતા જયાંથી વાહન ખરીદ કરેલ તે ફર્મના નામનો ચેક રૂ.૫૩,૩૪૦/- નો આપેલો અને આરોપીના ખાતામાં રૂ.૪૦,૦૦૦/- ઉધારેલા જેથી આરોપીએ ફરિયાદી બેન્કને હાઈપોથીકેશન કરાર, જામીનદારોનો લેટર ઓફ ગેરન્ટી, રદ્દ ના થાય તેવો પાવર ઓફ એટોર્ની, વચનચિઠ્ઠી લખી આપેલ અને લોન ખાતા નં.૯૦૨૦૧૪૩૨૬૦૦૦૨૨૭ નો પાડી આપેલ. ત્યારબાદ લોનની શરતો અન્વયે આરોપીએ તે શરતોનું પાલન કરેલ નહી જેથી લોન ખાતાની તમામ રકમ એકીસાથે વસુલ મેળવવા હક્કદાર બનેલ હોઇ અને લોન ખાતામાં ૧,૬૫,૯૯૩/- બાકી પડેલ. જેથી ફરિયાદી તથા રિકવરી ઓફીસર અને બ્રાન્ચ મેનેજરે આરોપી પાસેથી લોનની બાકી રકમ જાન્યુઆરી ૨૦૨૫ ના પ્રથમ વીકમાં ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીને તેમના ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., આંકલાવ શાખાના બચત ખાતા નં.૯૦૨૦૧૪૦૦૧૦૧૦૧૧૮ નો રૂ.૧,૬૫,૯૯૩/- ચેક નં.૦૧૩૦૬૦ નો સહી કરી આપેલો જે ચેક તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ જમા કરાવતા લોન ખાતાની રકમ મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. જેથી ફરિયાદીએ સદર

ચેક તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી., ઘોડિયા બજાર નડિયાદમાં રજૂ કરતા સદર ચેક તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ બેલેન્સ ના હોવાના કારણસર પરત આવેલ. ત્યારબાદ ફરિયાદીને તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ કાનુની કાર્યવાહીની સત્તાની રૂએ ફરિયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ ડીમાન્ડ નોટીસ આપેલ જે તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ નોટીસ બજી ગયેલ તેમછતાં નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કરેલ નથી કે ચેકના નાણા ભરેલા નથી. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાની હાલની ફરિયાદ કરેલ છે.

૨.. સદર કામે ઉપરોકત વિગતોવાળી ફરિયાદ દાખલ થતાં ફરિયાદીનું સોગંદ ઉપરનું વેરીફીકેશન નોંધી આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૭ (ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૪) હેઠળ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કાઢવામાં આવેલો. જે સમન્સ આરોપીને બજી જતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ફરિયાદ તથા જરૂરી દસ્તાવેજોની નકલો આરોપી આરોપીની આંક-૧૦ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩.. ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે :

:: મૌખિક પુરાવો ::

ક્રમ	વિગત	આંક
૧	ફરિયાદી સમીરૂલ્લા અબ્દુલસત્તાર મલેક નાઓનું સરતપાસનું સોગંદનામુ.	૪

:: દસ્તાવેજી પુરાવો ::

ક્રમ	વિગત	આંક
૧	ફરિયાદીને આપેલ ઓથોરીટી પત્ર	૧૧
૨	અસલ ચેક	૧૨
૩	રીટર્ન મેમો	૧૩
૪	ડીમાન્ડ નોટીસ	૧૪
૫	પોસ્ટ ખાતાની પાવતી, ટ્રેક રિપોર્ટ તથા એકનોલેજમેન્ટ રીસીપ્ટ	૧૫
૬	આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ	૧૬
૭	આરોપીએ લોન લેવા કરેલ અરજી	૧૭
૮	આરોપીની લોન મંજૂર કરેલ તે મંજૂરીપત્ર	૧૮
૯	આરોપીએ લખી આપેલ હાઇપોથીકેશન	૧૯
૧૦	આરોપીએ લખી આપેલ જામીનદારોનો લેટર ઓફ ગેરન્ટી	૨૦
૧૧	પાવર ઓફ એટોર્ની	૨૧
૧૨	આરોપીએ લખી આપેલ વચનચિઠ્ઠી	૨૨
૧૩	આરોપીએ વાહન લીધેલ તેની વિગત	૨૩

૪.. આમ, ફરિયાદપક્ષ તરફેનો પુરાવો પુરો થયા બાદ વધુ પુરાવો રજૂ કરવો ન હોય આંક-૨૪ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરતા ફરિયાદપક્ષનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ જેમાં આરોપીએ તેઓ વિરૂધ્ધની હકીકતોનો ઇન્કાર કરેલ છે, સોગંદ ઉપર જુબાની તથા બચાવમાં કોઇ સાહેદ/સાહેદો તપાસવાનો ઇન્કાર કરેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓને કહેવાતુ ધિરાણ આપેલ નથી કે તેઓએ ફરિયાદવાળો ચેક ફરિયાદીને કોરો કે લખાણ કરીને સહી કરીને આપેલ નથી જેથી કરેલ ફરિયાદ તદ્દન ખોટી હકીકતો ઉપજાવી કાઢી કરેલ હોવાનું જણાવેલ છે તથા ફરિયાદ નામંજૂર કરી

તેઓએ નિર્દોષ છોડવા અરજ ગુજારેલ છે.

૫.. ત્યારબાદ ફરિયાદીના વિ.વ.શ્રીએ આંક–૨૬ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધી તેમજ આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીએ આંક–૨૯ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધી.

૬.. ત્યારબાદ સદર કામે ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

:: મુદ્દા ::

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની બાકી લ્હેણી નીકળતી રકમની ચુકવણી પેટે ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. આંકલાવ શાખાના બચત ખાતા નં.૯૦૨૦૧૪૦૦૧૦૧૦૧૧૮ નો ચેક નં.૦૧૩૦૬૦, રૂા.૧,૬૫,૯૯૩/– નો તા.૨૪/૦૧/૨૦૨૫ નો આપેલ જે ફરિયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં જમા કરાવતા તે ચેક ''ફંડ ઈનસફિશિયન્ટ'' હોવાના કારણે સ્વીકારાયા વિના તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરતા ફરિયાદીએ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ આપેલી, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાછતાં આરોપીએ દિન–૧૫માં ચેકની રકમ ફરિયાદીને પરત આપેલ ન હોઇ આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭.. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે નિર્ણય નીચે મુજબ છે :

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

:: કારણો ::

૮.. **મુદ્દા નં.૧ :–**

આરોપી સામેના આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ તેમજ તેમાં જણાવેલ આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. તેમજ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ એટલા માટે લાવવામાં આવ્યો હતો કે જેથી જવાબદારીઓની પતાવટમાં ચેકોની સ્વીકાર્યતામાં વધારો કરી શકાય. આ ઉપરાંત **Dalmia Cement (Bharat) Ltd. v. Galaxy Traders and Agencies Ltd. and Ors., AIR 2001 SC 676** ના કેસમાં કલમ–૧૩૮ અધિનિયમની આ જોગવાઇનો ઉદ્દેશ સારી રીતે દર્શાવવામાં આવ્યો છે. જેમાં નામદાર કોર્ટે ઠરાવ્યું છે કે**, the object of the provision is to ensure both the credibility of cheque as negotiable instrument for use in commercial transaction as well as to ensure the commercial and mercantile activities are carried in a smooth and healthy manner.** વધુમાં નામદાર કોર્ટે ***Sanjay Mishra v. Ms. Kanishka Kapoor @ Nikki and Anr.,*** **2009 CRI.L.J. 3777,** ના કેસમાં ઠરાવ્યું છે કે, the laws relating to the said Act are required to be interpreted in the light of the object intended to be achieved by it despite there being deviation from general law.

ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ :–

ખાતામાં અપુરતા ફંડ વગેરેના કારણે ચેકનો અસ્વિકાર થવા બાબત.

''સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરોન ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત

કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે. ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઇ અન્ય જોગવાઈઓનો બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઇ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

એ) જયાંસુધી ચેક, લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

બી) જયાંસુધી તે ચેકનો પેઇ અથવા યતાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહીં અને

સી) જયાંસુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઇને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાંસુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહી.

આવશ્યક તત્વો :

૧. આરોપી પોતાના ખાતામાં ફરિયાદીને નાણાની રકમ ચુકવવા ચેક લખેલ.

૨. આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ મહિનાની મુદ્દતની

અંદર બેન્કમાં રજૂ કરવામાં આવ્યો હતો.

૪. ચેક આરોપીના ખાતામાં જમા કરતા અપુરતા ફંડના કારણે પરત થયેલ.

૫. ચેક પરત થયાની બેન્કમાંથી માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(બી) ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :

ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(બી) :

''કલમ–૧૩૮ ના ખંડ(સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરિયાદ કરવામાં આવી હોય.''

કાયદાની પૂર્વધારણાઓ :

વધુમાં ફરિયાદીની તરફેણમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જે ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબતની કલમ છે. જેથી કલમ–૧૧૮(એ) નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ વિશે એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાંસુધી એવું માની લેવામાં આવશે કે, દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યુ હતુ. તેમજ કલમ–૧૩૯ મુજબ તે ધારકની તરફેણમાં અનુમાન વિરૂધ્ધનું સાબિત થાય, તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

વધુમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય

છે. તે એબ્સોલ્યુટ નથી અને રીબર્ટ કરી શકાય અને તેનો રીબર્ટ કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજૂ કરવાનો હોય છે. જેમાં આરોપીની ઉલટતપાસ દરમિયાન કે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩) અન્વયે આરોપીના વિશેષ નિવેદનમાં જો કોઇ યોગ્ય બચાવ લેતા હોય અને તેથી ફરિયાદીની ફરિયાદ હકીકત ઉપર શંકા ઉપસ્થિત થતી હોય તો તે શંકાનો નિકાલ કરવાનો બોજો ફરિયાદી ઉપર હોય છે અને આરોપીને તે બાબતે કોઇ વિશેષ પુરાવો રજૂ કરવાની આવશ્યકતા રહેતી નથી.

ઉપરોક્ત કલમના આધારે અને જોગવાઇઓને નજર સમક્ષ રાખીને આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે :

૯.. **<u>ફરિયાદી તરફે પુરાવો :</u>**

આ કામે ફરિયાદપક્ષે પોતાની ફરિયાદની હકીકતો પુરવાર કરવા માટે આંક–૪ થી ફરિયાદીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટમાં ધ્યાનમાં લેતાં તેઓએ આંક–૧ ની ફરિયાદમાં જણાવ્યા મુજબના જ કથનો કરેલ છે. જેથી આંક–૪ વાળા સોગંદનામાનું અત્રે પુનરાવર્તન કરેલ નથી. જ્યારે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે, તેઓ બેન્કમાં ૧૪ વર્ષથી નોકરી કરે છે અને હાલ બ્રાન્ચ મેનેજરના હોદ્દા પર છે. તેઓ એ હકીકતન કબુલ રાખે છે કે, તેઓ બેન્કના નીતિ નિયમો અને કાયદાથી માહિતગાર છે, કોઇપણ લોન ખાતુ અને એન.પી.એ. ક્યારે થાય તેની તેઓની માહિતી છે અને ધિરાણની જોગવાઇઓ મુજબ લોન ખાતુ એન.પી.એ. થાય. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની આંકલાવ શાખામાં ક્યારેય નોકરી કરેલ નથી તથા

હાલની લોન તેઓ ધ્વારા મંજૂર કરવામાં આવેલી નથી. તેઓ જણાવે છે કે, સદર લોન વાહન ધિરાણ પ્રકારની છે જેનો સમયગાળો ૩૬ માસનો છે, જે લોન ડિસેમ્બર–૨૦૧૪ ની સાલમાં આપવામાં આવેલ હતી, જે લોન રૂા.૪૦,૦૦૦/– ની મંજૂર કરવામાં આવેલ હતી તથા લોનનો હપ્તો રૂા.૧૩૬૭/– નો નકકી કરવામાં આવેલો. ધિરાણ લેનાર પાસે વાહન ચલાવવાનું પાકુ લાયસન્સ હતુ કે કેમ તે બાબતે મંજૂરીપત્રમાં ઉલ્લેખ કરેલો છે. આંક–૧૮ વાળો મંજૂરીપત્ર જોઇને કહે છે કે, શરત નં.૧ માં દર્શાવેલ છે કે ચિરાગકુમાર ચંપકલાલ પટેલનું લાયસન્સ હોવાથી તેની સંમતિ મેળવ્યા બાદ ઉપાડ આપવો. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મંજૂરીપત્રમાં ચિરાગકુમાર ચંપકલાલ પટેલનું લાયસન્સ મેળવ્યા બાદ ઉપાડ આપવાની શરત હોવાછતાં તેઓએ આવું કોઇ સંમતિપત્ર લીધેલ નથી. તેઓ જણાવે છે કે, ધિરાણનો ઉપાડ આંકલાવ શાખામાંથી થયેલ છે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આ ધિરાણ ૩૬ હપ્તાનું હતુ અને આરોપીઓ આ હપ્તા નિયમિત ભરપાઇ કરેલ નહી, આ ધિરાણમાં કેટલા હપ્તા નિયમિત ભરપાઇ કરેલા છે તેની તેઓને માહિતી નથી. તેઓ જણાવે છે કે, ધિરાણ મુદત વિતી થવાથી લેણદારને ડિમાન્ડ નોટીસ આપવામાં આવે છે. ધિરાણ ક્યારે અને કયા વર્ષમાં મુદ્દત વીતી થયેલુ તેની તેઓને જાણ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, હપ્તો મુદ્દત વીતી થયાના ૯૧ માં દિવસે ધિરાણ ખાતુ એન.પી.એ. થઇ જાય. પુછતા કોઈપણ ખાતુ એન.પી.એ. થયા બાદ તેમાં કોઈ વ્યાજની રકમ ઉમેરાય નહી ? જેના જવાબમાં તેઓએ ''ના'' જણાવેલ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ખાતુ એન.પી.એ. થયા બાદ વ્યાજની રકમ ગણતરીમાં લેવાતી નથી. બેન્કમાં સામાન્ય સભા ક્યારે યોજવામાં આવે તેની તેઓને ખબર નથી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આંક–૧૬ વાળા સ્ટેટમેન્ટમાં કોઈ સીક્કો કે સહી કરેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, કોમ્પ્યુટરાઈઝડ સ્ટેટમેન્ટ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આંક–૧૬ વાળુ સ્ટેટમેનટ કઇ

શાખામાંથી કાઢીને રજૂ કરેલ છે તે સ્ટેટમેન્ટ પરથી કહી શકે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આંક–૧૬ વાળુ સ્ટેટમેન્ટ હેડ ઓફીસમાંથી કાઢવામાં આવેલ છે, હાલના આરોપીના ધિરાણ ખાતાનું જ આંક–૧૬ વાળુ સ્ટેટમેન્ટ છે અને તેમાં લખેલ તમામ વિગતો સાચી છે. જે સ્ટેટમેનટ જોઈ કહે છે કે, હાલના આરોપીએ હપ્તાની રકમ નિયમિત ભરેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ખાતુ ક્યારે એન.પી.એ. થયુ તે આંક–૧૬ વાળું સ્ટેટમેન્ટ આધારે કહી શકે નહી. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, સામાન્ય રીતે કોઈ લોન ધારકને નોટીસ આપવામાં આવે ત્યારે તેના ખર્ચની રકમ તેના ખાતામાં ઉમેરીએ છીએ. જાન્યુઆરી–૨૦૨૫ ના પહેલા વીકમાં ફરિયાદી અને રિકવરી ઓફીસર અને બ્રાંચ ઓફીસરની હાજરીમાં ઉઘરાણી માટે મુલાકાત કરતા તેમના સરનામે અંબાલીપુરા આંકલાવ મુકામે તકરારી ચેક આપેલો. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, ઉઘરાણી કરવા ગયા ત્યારે પહેલા બ્રાંચમાં ગયેલા. આ બ્રાંચ આંકલાવ મુકામે આવેલ છે. ઉઘરાણી કરવા ગયા ત્યારે તેઓ નડિયાદ મુકામે બેન્કમાં આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરતા હતા. આરોપીને આપેલ ધિરાણની રકમ ધિરાણનું નવુ ખાતુ ખોલીને તેમાં જમા આપેલી અને જેનો ખાતા નં.૯૦૨૦૧૪૩૨૬૦૦૦૨૨૭ નો છે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આરોપીનું બચત ખાતુ તેઓની બેન્કમાં આવેલુ છે. એ હકીકતની તેઓને ખબર નથી કે, આ બચત ખાતુ એકટીવ હતુ કે કેમ ? તથા બચત ખાતામાં ચેકબુક કઈ સાલમાં ઈસ્યુ કરવામાં આવેલી. આંક–૧૨ વાળો ચેક બતાવતા જણાવે છે કે, તેમાં સહી તથા ચેકની અંદર લખેલ તમામ વિગતો અલગ અલગ પેનથી અને અક્ષરોથી લખાયેલ છે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આરોપીનું બચત ખાતુ તેઓની બેન્કમાં હોય તેમાં કેટલી રકમ જમા છે તેની તેઓને ખબર પડી જાય, ચેક જમા કરાવતી વખતે આરોપીના ખાતામાં રકમ છે કે નહી તેની તેઓએ તપાસ કરાવેલી નહી. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીએ જ તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ ચેક જમા કરાવવાનું

જણાવેલુ. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, આંક–૧૬ વાળા સ્ટેટમેન્ટમાં તા.૩૦/૦૩/૨૦૧૮ ના રોજ નોટીસ ચાર્જ, વકીલ ફી સોળસો રૂપિયા ઉઘરાવવામાં આવેલ છે, તા.૩૦/૦૩/૨૦૧૮ ની નોટીસનો કોઈ ઉલ્લેકખ હાલની ફરિયાદમાં કરેલો નથી તેવી જ રીતે તા.૨૨/૦૧/૨૦૧૯ તથા તા.૦૧/૦૯/૨૦૧૬ ની નોટીસનો પણ કોઈ ઉલ્લેખ હાલની ફરિયાદમાં કરેલો નથી.

સદર ફરિયાદી પોતાની ફેરતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, કોઈપણ વ્યકિતનું બચત ખાતુ ખોલીને બેલેન્સ જોવાની તેઓની પાસે સત્તા નથી.

૧૦.. **આરોપી તરફે પુરાવો :**

આરોપીએ કેસની કાર્યવાહી દરમિયાન કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

પુરાવાનું વિશ્લેષણ :

૧૧. નામદાર મુંબઈ હાઈકોર્ટએ તેમની સમક્ષની Dinesh B. Chokshi VS Rahul Vasudeo Bhatt, 2013 2 Bankmann 11 ના કેસમાં પેરા–૧૫ અને ૨૦ અને ૨૧ માં નોંધેલ છે કે,

15. On plain reading of Section 13 of the said Act of 1881, a negotiable instrument does contain a promise to pay the amount mentioned therein. The promise is given by the drawer. Under Section 6 of the said Act of 1881, a cheque is a bill of exchange drawn on a specified banker. The drawer of a cheque promises to the person in whose name the cheque is drawn or to whom the cheque is endorsed, that the cheque on its presentation, would yield the amount specified therein. Hence, it will have to be held that a cheque is a promise within the meaning of sub-section (3) of

Section 25 of the Contract Act. What follows is that when a cheque is drawn to pay wholly or in part, a debt which is not enforceable only by reason of bar of limitation, the cheque amounts to a promise governed by the sub-section (3) of Section 25 of the Contract Act. Such promise which is an agreement to become exception to the general rule that an agreement without consideration is void. Though on the date of making such promise by issuing a cheque, the debt which is promised to be paid may be already time-barred, in view of sub-section (3) of Section 25 of the Contract Act, the promise/agreement is valid and, therefore, the same is enforceable. The promise to pay time-barred debt becomes a valid contract as held by the Apex Court in the case of A.V. Moorthy (supra). Therefore, the first question will have to be answered in the affirmative.

20. While recording our answer to the first question, we have already held that a cheque issued for discharge of a debt which is barred by law of limitation is itself a promise within the meaning of sub-section (3) of Section 25 of the Contract Act. A promise is an agreement and such promise which is covered by Section 25(3) of the Contract Act becomes enforceable contract provided that the same is not otherwise void under the Contract Act.

21. Therefore, while answering second question, we are specifically dealing with a case of promise created by a cheque issued for discharge of a time-barred debt

or liability. Once it is held that a cheque drawn for discharge of a time-barred debt creates a promise which becomes enforceable contract, it cannot be said that the cheque is drawn in discharge of debt or liability which is not legally enforceable. The promise in the form of a cheque drawn in discharge of a time barred debt or liability becomes enforceable by virtue of sub-section (3) of Section 25 of the Contract Act. Thus, such cheque becomes a cheque drawn in discharge of a legally enforceable debt as contemplated by the explanation to Section 138 of the said Act of 1881. Therefore, even the second question will have to be answered in the affirmative.

આમ, નામદાર બોમ્બે હાઈકોર્ટએ તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે આરોપી ધ્વારા ચેક ઈસ્યુ કરવામાં આવે છે ત્યારે તેના ધ્વારા કાયદેસરના લેણાનો સ્વીકાર કરવામાં આવેલો છે જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ની જોગવાઈ લાગુ પાડી શકાય.

૧૧.૧ હાલની દાખલ કરવામાં આવેલ ફરિયાદ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે દાખલ કરવામાં આવેલ ફોજદારી ફરિયાદ છે. ભારતીય ન્યાયતંત્ર ધ્વારા અપનાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય અને પ્રથમ સિધ્ધાંત છે કે આરોપીનો ગુનો જયાંસુધી સાબિત ન થાય ત્યાંસુધી તે નિર્દોષ છે તેવું અનુમાન લાગુ પડે છે અને ત્યાંસુધી આરોપી નિર્દોષ માનવો જોઇશે. આ જ સિધ્ધાંત આધારે ફોજદારી ગુનાની ટ્રાયલ શરૂ થાય છે અને ફરિયાદીએ પોતે પુરાવો રજૂ કરીને આરોપી ગુનેગાર છે તે સાબિત કરવાની સફર શરૂ થાય છે. ફરિયાદપક્ષ ઉપર આરોપીનો ગુનો વ્યાજબી શંકાથી પર

સાબિત કરવાનો સંપૂર્ણ બોજો રહેલ છે. આ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય સિધ્ધાંત છે અને આરોપીને ભારતીય બંધારણથી પણ આ બાબતે રક્ષણ આપવામાં આવેલ છે. તેને કોઇ રીતે રદ્દ કરી શકાય નહી. તેથી હાલના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો તથા આરોપીના બંધારણીય અધિકારનો સમન્વય કરી કેસની ચર્ચા આગળ ચલાવવમાં આવશે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના A. Shanmugam vs. Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nanheld dhavana Paripalanai Sangam rep. by its President, reported in (2012) 6 SCC 430 ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "the entire journey of a judge is to discern the truth from the pleadings, documents and arguments of the parties. Truth is the basis of justice delivery system. This Court in Dalip Singh v. State of U.P. and Others (2010) 2 SCC 114 observed that truth constitutes an integral part of the justice delivery system which was in vogue in pre- independence era and the people used to feel proud to tell truth in the courts irrespective of the consequences. However, post independence period has seen drastic changes in our value system." તેથી અદાલતની એ ફરજ છે કે કેસમાં સત્ય શોધ કરવાની તરફથી સફર ક્રિમિનલ જ્યુરિસપ્રુડન્સના સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને સત્ય શોધની સફર આગળ વધારવી યોગ્ય જણાઇ છે.

૧૧.૨ હાલના કામે ફરિયાદીએ જે પુરાવા રજૂ કરેલ છે, તે સંદર્ભે આ કામે ચેકની તારીખ, ચેક પરત ફર્યા તથા તે અંગેની નોટીસ આરોપીને આપવામાં આવેલ તથા હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ તે સમય મર્યાદામાં કરવામાં આવેલ છે કે કેમ ? તે બાબત અંગે નીચે મુજબ ચાર્જ તૈયાર કરવામાં આવેલ છે.

ક્રમ	કલમ	કાયદો	પૂર્તતા
૧	૧૩૮(એ)	જ્યાંસુધી ચેક, લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્ઘત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્ઘતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.	ચેક તા.૨૪/૦૧/૨૫ ના રોજ લખવામાં આવેલ છે અને તે બેન્કમાં તા.૨૪/૦૧/૨૫ ના રોજ જમા કરાવવામાં આવેલ છે. આમ, સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજૂ કરવામાં આવેલ છે.
૨	૧૩૮(બી)	જ્યાંસુધી તે ચેકનો પેઇ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી.	ચેક તા.૨૪/૦૧/૨૫ ના રોજ પરત આવેલ છે અને તે અંગેની નોટીસ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. આમ, સમય મર્યાદામાં નોટીસ આપવામાં આવેલ છે.
૩	૧૩૮(સી)	જ્યાંસુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઇને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ ઉપરોક્ત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાંસુધી કલમમાનું કશું જ લાગુ પડશે નહી.	નોટીસ આરોપીને તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મળ્યા પછી આરોપીએ રકમ ચુકવેલ નથી.
૪	૧૩૮(ડી)	કલમ-૧૩૮ ના પરંતુકના ખંડ(સી) હેઠળ ઉપસ્થિત થતા દાવાના કારણથી એક માસમાં આવી ફરિયાદ કરવામાં આવી હોય.	તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ બજી ગયેલ છે. ત્યારબાદ હાલની ફરિયાદ તા.૧૦/૦૩/૨૫ ના રોજ દાખલ

			કરવામાં આવેલ છે.

આમ, ફરિયાદપક્ષે રજૂ કરેલ ચેક, ચેક રીટર્ન થયાનો મેમો, નોટીસ અને આરોપીને નોટીસ બજેલ તેનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ કાયદેસરનું લેણાનો તકરારી ચેક સમયમર્યાદામાં બેન્કમાં કલીયરન્સ માટે આપવામાં આવેલ તેમજ ફરિયાદ નિયત સમયમર્યાદામાં કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

૧૧.૩ વધુમાં હાથ ઉપરનો કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળનો છે, ફરિયાદપક્ષે સૌપ્રથમ અને મહત્વની રજૂઆત એ કાયદામાં ફરિયાદીની તરફેણમાં આપવામાં આવેલા અનુમાનો બાબતની છે. તેઓની રજૂઆત છે કે જ્યારે ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાનો હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે. આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Indian Bank Association Versus Union of India decided on Dt.21-4-2014 reported in AIR 2014 SC 2528** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જ્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ તળેની ફરિયાદ દાખલ થાય ત્યારે ફરિયાદીની અને તેના સાહેદોની જુબાની સોગંદનામા ઉપર રજૂ થાય અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજૂ થાય ત્યારે ફરિયાદીનો કેસ પ્રસ્થાપિત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૯ ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. વધુમાં આરોપી અદાલતમાં હાજર થાય તો તુરંત બચાવનો પુરાવો લેવો જોઈશે અને જો આરોપી માંગણી કરે કે તેને ફરિયાદી કે તેના કોઈ સાક્ષી કે જેની સોગંદ ઉપરની જુબાની રેકર્ડમાં છે તેની ઉલટતપાસ કરવી છે અને તેવી અરજી આપે તો જ તેવા ફરિયાદી કે સાહેદને ઉલટતપાસ માટે

બોલાવવા જોઈશે તેવું સ્પષ્ટ ડાયરેક્શન આપેલ હોય તેથી તેનો અર્થ સ્પષ્ટ છે કે ફરિયાદીની તરફેણમાં રહેલા પ્રિઝ્યુમ્પશન આરોપીપક્ષે રીબર્ટ કર્યા તે પ્રથમ બતાવવાનું છે પછી ઓનસ ફરિયાદપક્ષ ઉપર શીફ્ટ થાય છે. પરંતુ હાલના કેસમાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થયા તેઓને કેસ પેપર્સની નકલો આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીની પ્લી નોંધવામાં આવેલ.

૧૧.૪ આમ, આ કેસનો નિર્ણય ફરિયાદીના ઉપરોક્ત એક માત્ર સાહેદની જુબાની અને તેઓની જુબાનીમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પર કરવાનો રહે છે અને હાલના કામે ફરિયાદીએ તેમનો કેસ પુરવાર કરવા માટે તથા રજૂ કરેલ દસ્તાવેજોના સમર્થનમાં આંક-૪ થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે. તે સોગંદનામામાં તેઓ જણાવે છે કે, ફરિયાદીએ આરોપી પાસે નાણાની ઉઘરાણી કરતા તેઓએ ફરિયાદવાળો ચેક આપેલ અને આરોપીએ આંક-૧૨ થી રજૂ થયેલ તકરારી ચેક ઉપર સહી બાબત કોઈ તકરાર લીધેલી નથી. જેથી એવું માની શકાય છે કે, સદરહુ ચેક આરોપીએ પોતાની સહીથી ફરિયાદીને આપેલ. તેમજ ફરિયાદીએ તકરારી ચેક પરત આવેલાની જાણથી સમયમર્યાદામાં આરોપીને નોટીસ આપેલી જે સંદર્ભે આંક-૧૫ થી નોટીસ બજી ગયા અંગેનો ટ્રેકીંગ રિપોર્ટ તથા પોસ્ટ ખાતાની એક્નોલેજમેન્ટ પાવતી રજૂ કરેલ છે. જેથી આરોપીને નોટીસ મળી ગયેલ હોવાનું માની શકાય છે. તેમજ સદર નોટીસ બજી ગયેલ છે કે નહી તેની કોઈ તકરાર આરોપી ધ્વારા લેવામાં આવેલી નહી તેથી માની શકાય કે આરોપીને નોટીસ બજી ગયેલ હતી. તેમજ આવી નોટીસ બજેલ છતાં આરોપી ધ્વારા નોટીસનો કોઈ જવાબ આપવામાં આવેલ નહી, કે નોટીસનો કોઈ અમલ કરેલ નથી, જેથી ફરિયાદીએ તેમની કાયદેસરની બાકી નીકળતી લેણી રકમ આરોપીએ ચુકવેલ ન હોય હાલની ફરિયાદ સમયમર્યાદામાં દાખલ કરેલ હોય તેમ માની શકાય છે.

૧૧.૫ વધુમાં નામદાર એપેક્ષ કોર્ટે In case of Hiten P. Dalal vs. Bratindranath Banerjee reported in (2001) 6 SCC 16 considers the scope and ambit of Section 139 of the Act with its previous decision such as State of Madras vs. A. Vaidyanatha Iyer Dhanvantrai Balwantrai Desai vs State of Maharashtra 1964 AIR 575, 1963 SCR Supl. (1) 485 State of Madras vs Vaidyanath Iyer 1958 S.C.R. 580 and held that the presumption of S. 139 is mandatory in nature and it should be adhere until rebuttal. Court has no option other then to draw the presumption. આમ, હાલનો કેસ પણ ખાસ પ્રકારના કાયદાનો હોય અને તેમાં કેટલાંક પ્રિઝ્યુમ્પશનો આપેલા હોય અને તે રિબર્ટ કરવાનું બર્ડન આરોપીપક્ષ ઉપર હોય ત્યારે મારૂ એવું માનવુ છે કે આવા કાયદામાં પ્રથમ આરોપીએ એ બતાવવાની ફરજ છે કે તેણે રજૂ કરેલા પુરાવા કે ફરિયાદપક્ષના સાહેદોની ઉલટતપાસથી તેણે કાયદાથી તેના ઉપર નાંખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરિયાદપક્ષે બતાવવું જોઈએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી અને તેના આધારે કેસનો નિર્ણય થવો જોઈએ. પરંતુ આરોપી ધ્વારા ઉપર જણાવેલ રજૂ થયેલ દસ્તાવેજો ઉપર કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે તેના ઉપર કોઈ બચાવ કરવામાં આવેલ નથી. જેથી ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ, પ્રથમ દ્રષ્ટિએ કાનુની જરૂરિયાત મુજબ કાયદાની કલમ–૧૪૨(બી) સાથે વાંચતા કલમ–૧૩૮ હેઠળ દર્શાવ્યા મુજબના ગુનાના પુરાવા માટે જરૂરી છે, તેવી તમામ હકીકત ફરિયાદપક્ષ ધ્વારા પુરતા પ્રમાણમાં સાબિત કરવામાં આવી છે.

૧૨.. આમ, હાલના કામે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ખાસ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી આરોપીપક્ષે હાલનો ફરિયાદવાળો ચેક ફરિયાદી પાસે કઈ રીતે

આવેલા તેવું સાબિત કરેલ નથી. તેમજ હાલના કાયદા હેઠળના અનુમાનનું કોઇ ખંડન કરેલ નથી કે પોતાનો કોઇ ચોક્કસ બચાવ રજૂ રાખેલ નથી. તે સંજોગોમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામાં સફળ નિવડેલ નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

૧૩.. વધુમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુનાના કેસમાં ફરિયાદીએ દાવાની જેમ લેણું પુરવાર કરવાનું હોતુ નથી. વધુમાં માત્ર ઉલટતપાસમાં શંકા ઉત્પન્ન કરવાથી કલમ–૧૩૯ નું ખંડન થઇ શકે નહી સબળ પુરાવાથી ખંડન કરવું પડે અને તે માટે આરોપીએ વીટનેશ બોક્ષમાં આવવાની જરૂર નથી આરોપી ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખીને ઉલટતપાસ થકી સબળ પુરાવાથી સાબિત કરી શકે છે તે બાબત ધ્યાનમાં રાખી ઉક્ત પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરિયાદી ધ્વારા તેઓની ફરિયાદ અનુસંધાને આરોપીના ખાતાનો ચેક, રિટર્ન મેમો તેમજ તે અનુસંધાને આપેલ નોટીસ રજૂ રાખેલ છે. જે આંક–૧૨ વાળો તકરારી ચેક આંક–૧૩ ના રીટર્ન મેમા સાથે પરત ફરતા ફરિયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આંક–૧૪ થી નોટીસ આપેલ છે જેનો વળતો જવાબ આરોપી ધ્વારા આપવામાં આવેલ નથી કે તે લગત કોઇ પુરાવો સદર કામે રજૂ કરેલ નથી કે સદર કામે ફરિયાદીની આરોપીપક્ષ ધ્વારા ઉલટતપાસ કરી બચાવ લેવામાં આવેલ નથી. વધુમાં આંક–૧૬ થી આંક–૨૩ મુજબના દસ્તાવેજો તેમજ આંક–૧૬ વાળુ સ્ટેટમેન્ટ જોતાં રૂા.૫૩,૩૪૦/– અને આરોપીએ માર્જીન મની ભરેલ તે રકમ રૂા.૧૩,૩૪૦/– જમા આપી લોનની રકમ ઉધારેલ ત્યારબાદ આરોપી તરફે તા.૦૮/૧૨/૨૦૧૫ ના રોજ રૂા.૧૦,૦૦૦/– આપેલ તેમજ તા.૨૨/૦૧/૨૦૧૮ ના રોજ રૂા.૩,૬૬૫/– ભરેલા તેમજ તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ રૂા.૧૦,૦૦૦/– રોકડા ભરેલ. આમ, આરોપીના ખાતામાં લોનની

રકમ રૂા.૧,૬૫,૯૯૩/- બાકી પડેલા જે રકમ ચેકથી ચુકવી આપવા આરોપીએ ફરિયાદીને તા.૨૪/૦૧/૨૦૨૫ નો તકરારી ચેક આપેલ છે જે હકીકતથી સદર દેવુ આરોપીનું કાયદેસરનું દેવુ છે તે હકીકત સ્પષ્ટ ફલિત થાય છે. વધુમાં ફરિયાદી બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ જણાવે છે કે, જાન્યુઆરી-૨૦૨૫ ના પહેલા વીકમાં ફરિયાદી અને રીકવરી ઓફીસર અને બ્રાંચ ઓફીસની હાજરીમાં ઉઘરાણી માટે મુલાકાત કરતા આરોપીએ તેમના સરનામે અંબાલીપુરા, આંકલાવ મુકામે સદર તકરારી ચેક આપેલ હોવાની હકીકત નીકળી આવેલ છે. ફરિયાદી તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, સદર તકરારી ચેકમાં સહી તથા ચેકની અંદર લખેલ તમામ વિગતો અલગ-અલગ પેનથી અને અક્ષરોથી લખાયેલ હોવાનું જણાવેલ છે. જેથી સદર તકરારી ચેકમાં આરોપીની સહી નહી હોવા બાબતનો કોઈ વ્યાજબી બચાવ આરોપીપક્ષ ધ્વારા લેવામાં આવેલ નથી. વધુમાં સદર કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદી સંસ્થા ધ્વારા અગાઉ પણ કેસ દાખલ કરવામાં આવેલ હતો જે હકીકતને પણ બંને પક્ષ ધ્વારા સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા પડેલ પુરાવાઓ ધ્યાને લઈએ તો, આરોપીપક્ષ ફરિયાદપક્ષ ધ્વારા આક્ષેપાયેલ ગુનાને નિ:શંકપણે પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે.

તેમજ ફરિયાદી ધ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં હાલનો ફરિયાદવાળો ચેક આરોપી ધ્વારા ફરિયાદીને લોનના પેટેની રકમ પેટે આપેલાનું જણાવેલ છે. તે સંજોગોમાં ફરિયાદી ધ્વારા તેમના ઉપર રહેલા પુરાવાના પ્રાથમિક બોજાનું વહન કરેલ છે તે સંજોગોમાં સદર પુરાવાનું તેમજ કાયદાકીય અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે જે પરિપૂર્ણ કરવામાં આરોપી સફળ રહેલ છે. તે સંજોગોમાં ફરિયાદી ધ્વારા તેમના ઉપર રહેલા પુરાવાનું પ્રાથમિક

બોજાનું વહન કરેલ છે તે સંજોગોમાં સદર પુરાવાનું તેમજ કાયદાકીય અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે જે પરિપૂર્ણ કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આરોપીપક્ષે હાલનો ફરિયાદવાળો ચેક તેમના ખાતાનો હોવા અંગે તેમજ ચેક ઉપરની સહી તેમની હોવા અંગે કોઈ ઈન્કાર કરેલ નથી કે ફરિયાદી સાથે નાણાકીય વ્યવહાર થયેલ ન હતો તેવો કોઈ બચાવ લીધેલ નથી. તે સંજોગોમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ મુજબના અનુમાનનું ખંડન થયેલ ના હોય ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું માનવાને કારણ રહે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરેલ છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

૧૪.. આમ, ઉપરોક્ત ચર્ચાના અંતે એવું જણાય છે કે, આરોપીપક્ષ પોતાનો બચાવ સફળ રીતે કરી શકેલ નથી કે ફરિયાદી તરફેના ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ મુજબના કાયદેસરના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી. તેમજ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા મુદત વીતી લેણુ હોવા બાબતેની દલીલો પણ માનવા લાયક નથી કારણ કે આરોપીએ તા.૨૪-૦૧-૨૦૨૫ ના રોજ ચેક આપેલો નથી તેવો કોઈ જ બચાવ લીધેલ નથી કે આરોપી ધ્વારા ફરીયાદમાં જણાવેલ લોન લીધેલ જ નથી તેવો પણ કોઈ બચાવ લીધેલ નથી. આરોપી ધ્વારા તા.૧૯/૩/૨૦૨૪ ના રોજ રોકડ રૂ.૧૦,૦૦૦/-નહી ભરેલા હોવા બાબતેનો પણ કોઈ બચાવ લેવામાં આવેલ નથી. વધુમાં **૨૦૧૦(૩) ક્રાઈમ્સ (એસ.સી.)૪૦, રંગપ્પા વિરૂધ્ધ શ્રી મોહન**ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે. તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતના

Rohitbhai Jeevanlal Patel Vs. State of Gujarat & Anr. Criminal Appeal No. 508 of 2019 **ના તા.૧૫/૦૩/૨૦૧૯** ના રોજના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, જ્યાંસુધી આરોપી પોતાનો બચાવ પુરવાર ન કરે ત્યાંસુધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૧૮ અને ૧૩૯ હેઠળના અનુમાનને લક્ષમાં રાખતા આરોપીએ ફક્ત શંકા ઉત્પન્ન કરવાથી પોતાની વિરૂધ્ધમાં રહેલ અનુમાનનું ખંડન કરવામાં સફળ થયેલ ગણી શકાય નહી. ઉપરોક્ત ચુકાદાનો ફકરા નંબર–૨૦ સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

" On perusing the order of the Trial Court, it is noticed that the Trial Court proceeded to pass the order of acquittal on the mere ground of 'creation of doubt'. We are of the considered view that the Trial Court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt, the appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act. In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient."

હાલના કેસમાં આરોપીએ ફરિયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરિયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવેલા નથી. તેમજ આરોપી વિરૂધ્ધ ફો.કે.નં. ૧૦૩૪/૨૦૧૮ નો ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ જે ડીસમીસ ફોર નોન પ્રોસીક્યુશન ના કારણોસર રદ કરવામાં આવેલ તેવુ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ છે. આમ, આરોપીએ ફરીયાદી સંસ્થાને લેણી રકમ આપવાની હતી તેવુ તેમની જાણમાં હોવા છતા માત્ર મુદત વીતી લેણુ થવાના કારણોસર

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ તેવી આરોપી પક્ષની દલીલો માનવાને લાયક નથી., આમ, આરોપી પોતાનો ડિફેન્સ પુરવાર કરવામાં નિષ્ફળ ગયા હોય, તે સંજોગોમાં હાલની ફરિયાદ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮, કાયદેસરનું લેણુ રૂપિયા ૧,૬૫,૯૯૩/– મુજબ ટકવાપાત્ર છે. વધુમાં ફરિયાદીના રજૂ પુરાવાને પડકારવા આરોપીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં તેઓ પોતાની વિરૂધ્ધના આક્ષેપાયેલ ગુનાને નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. વધુમાં ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૬ ને ધ્યાને લેતાં પણ આંક–૧૩ થી રજૂ થયેલ રીટર્ન મેમો પ્રાઇમરી પુરાવો હોય જેથી પણ આંક–૧૨ વાળો તકરારી ચેક અપુરતા ભંડોળના કારણે આરોપીના ખાતામાંથી વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પુરવાર થાય છે. આરોપીએ આ કામે કોઇ યોગ્ય અને વ્યાજબી બચાવ રજૂ કરેલ ન હોવાથી ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદેસરના અનુમાનોનું ખંડન આ કામે આરોપીએ કરેલ નથી. જેથી પણ ફરિયાદીના લાભમાં તે અનુમાનો અત્રેની અદાલત ધ્વારા કરવાના રહે છે. આમ, આ કામે ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ આપેલ તકરારી ચેકની રકમ આરોપીએ ફરિયાદીને નહી ચુકવેલાની હકીકત પુરવાર થતી હોય આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરિયાદીની ફરિયાદ હકીકત નિ:શંકપણે ફરિયાદીએ પુરવાર કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઇ આવે છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચા મુજબ આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

:: હુકમ ::

૧. આ કામના આરોપી **રમેશભાઇ ધુળાભાઇ પટેલ** નાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે સદર કામે તેમની સામે આક્ષેપાયેલ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને સજા બાબતે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

(એમ.એમ.ગાંધી)
પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,
નડિયાદ.
જજ કોડ નં.૦૧૨૭૦

તા.૦૮/૦૬/૨૦૨૬
સ્થળ–નડિયાદ

:: સજા અંગે સાંભળ્યા બાદ હુકમ ::

૧૫.. આ કામે આરોપી તેઓના વિ.વ.શ્રી સાથે હાજર રહેલ છે અને તેઓના વિ.વ.શ્રીએ દલીલ કરીને જણાવેલ છે કે, આરોપીએ કોઇ ગુનો કરેલ નથી, આરોપી નોકરી કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે જેથી તેઓને કાયદામાં ઠરાવેલ પુરેપુરી સજા કરવામાં આવે તો તેઓના કુટુંબના ભરણપોષણનો ગંભીર અને વિકટ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૧૬.. ફરિયાદપક્ષ તરફે ફરિયાદીના વિ.વ.શ્રીનાઓનો પોકાર કરાવતા તેઓશ્રીએ હાજર રહી જણાવેલ છે કે, આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ છે જેથી મહત્તમ સજા કરવી જોઇએ અને વળતર પેટે ફરિયાદીને રકમ ચુકવી આપવાનો હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

૧૭.. આમ, ઉપરોક્ત દલીલો તથા રજૂઆત સાંભળી આ કામે ગુનાનો પ્રકાર તથા ફરિયાદપક્ષના રજૂ થયેલા પુરાવા ધ્યાનમાં લેતાં આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આજના સમયમાં આ પ્રકારના કેસો દિન–પ્રતિ–દિન વધી રહેલા છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટનો મુળભુત હેતુ સમાજમાં નાણાકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનાને હળવાશથી લઇ શકાય તેમ નથી. આમ, આરોપીની રેકર્ડ ઉપરની હકીકતોને ધ્યાને લેતાં આરોપીને પ્રમાણસરની સજા કરવી ન્યાયોચિત જણાતી હોય અને તે રીતે સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ મારૂ માનવું છે. જેથી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી કરવામાં આવે છે.

// આખરી હુકમ //

૧.. આ કામના આરોપી **રમેશભાઈ ધુળાભાઈ પટેલ,** રહે.અંબાલીપુરા, બસ સ્ટેન્ડ પાસે, મુ.આંકલાવ, તા.આંકલાવ, જી.આણંદ નાઓને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨.. ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદવાળા ચેકની રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૧૫ દિવસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩.. આ કામના આરોપીએ સદર કામમાં અગાઉ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી.

૪.. આ હુકમની ખરી નકલ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૨૧ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

(એમ.એમ.ગાંધી)
પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,
નડિયાદ.
જજ કોડ નં.૦૧૨૭૦

તા.૦૮/૦૬/૨૦૨૬
સ્થળ–નડિયાદ